# <u>મહિલા સંબંધિત બેઠક</u>

તા:23/07/23

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના 'ગાર્ગી' - મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર અને ભારતીય શિક્ષણ મંડળ – મહિલા પ્રકલ્પના સંયુક્ત ઉપક્રમે માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન સાથે મહિલા સંબંધિત બેઠકનું આયોજન કરવામાં આવ્યું.

આ બેઠકમાં અતિથિવિશેષ તરીકે યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી, ડૉ. દીપજી કોઈરાલા (અખિલ ભારતીય પ્રમુખ, ગુરૂકુળ પ્રકલ્પ, ભારતીય શિક્ષણ મંડળ પાલક અધિકારી – પશ્ચિમ ક્ષેત્ર, હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળા પ્રધાન આચાર્ય), શ્રી સુરેશભાઈ પટેલ (ઉપાધ્યક્ષ, ભારતીય શિક્ષણ મંડળ, ગુજરાત પ્રાંત, વ્યવસાયે ઉદ્યોગપતિ – કેન્દ્ર : કર્ણાવતી), શ્રી ગીતાબહેન તિવારી (મહિલા પ્રકલ્પ સહપ્રમુખ, ભારતીય શિક્ષણ મંડળ, ગુજરાત પ્રાંત. – કેન્દ્ર : કર્ણાવતી), ડૉ. આવા શુક્લાજી (કા. નિયામકશ્રી વિદ્યાર્થી સહાય) અને સમગ્ર ગુજરાત પ્રાંતમાંથી ભારતીય શિક્ષણ મંડળના અનેક કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.









યુનિવર્સિટીના 'ગાર્ગી' - મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્રના સંયોજક અને ગુજરાતી વિષયના મદદનીશ અધ્યાપક ડૉ. જાગૃતિ જે. મહેતા દ્વારા માનનીય કુલપતિશ્રી ડૉ. અમી ઉપાધ્યાયજીના ડ્રીમ પ્રોજેક્ટ તરીકે સ્થાપિત 'ગાર્ગી' મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્રનો પરિચય આપવામાં આવ્યો. આ કેન્દ્ર અંતર્ગત મહિલાઓના શિક્ષણ, રોજગાર, વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી મહિલાઓના સર્વાંગીણ વિકાસ અને સશક્તિકરણ માટે કાર્ય કરે છે. અહીં, સમાજના વિવિધ સ્તરોની ગ્રામીણ અને શહેરી મહિલાઓ, આદિવાસી મહિલાઓ, વિધવાઓ, શારીરિક રીતે અશક્ત, ટ્રાંસજેન્ડર અને સેક્સ વર્કસ જેવી સામાજિક અને આર્થિક પૃષ્ઠભૂમિવાળી તમામ વયની છોકરીઓ અને સ્ત્રીઓ આ કેન્દ્રમાં જોડાય રહી છે અને તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તનની સાક્ષી બની રહી છે તે વિશે વાત કરી, 'ગાર્ગી' કેન્દ્રના ઉદ્દેશ્યો, હેતુઓ, ધ્યેય, મૂલ્યો જેવાં કે સ્ત્રી સશક્તિકરણ, સ્ત્રી સન્માન, સ્ત્રીઓની સ્થિતિસ્થાપતા, તેમજ ગાર્ગી કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે, નિયમિત કૌશલ્ય આધારિત સ્પર્ધાઓ, વિદૂષી મહિલાઓના વ્યાખ્યાન સત્રો, મહિલાઓમાં સંશોધનનું વલણ વિકસે તેના માટે મહિલાલક્ષી પુસ્તક પ્રકાશન માટે મહિલા લેખિકાઓને રૂ. 5.000/-ની આર્થિક સહાય અને મહિલાલક્ષી સંશોધન પ્રોજેક્ટ દીઠ રૂ. 25,000/-ની આર્થિક સહાય આપવામાં આવે છે. આ કેન્દ્ર અંતર્ગત કલા અને કૌશલ્ય વિકાસ વિવિધ અભ્યાસક્રમો જેવાં કે, સીવણ તાલીમ અભ્યાસક્રમ, રસોઈ તાલીમ અભ્યાસક્રમ, બ્યુટી પાર્લર તાલીમી અભ્યાસક્રમ આ અને આવા અન્ય અભ્યાસક્રમો તૈયાર થઇ રહ્યા છે. તેના વિશે વાત કરી, ગાર્ગી કેન્દ્રની તમામ પ્રવૃત્તિઓની પરિચય આપ્યો હતો.











ભારતીય શિક્ષણ મંડળ મહિલા પ્રકલ્પના સક્રિય કાર્યકર્તા ડૉ. રુચિ તિવારીજી દ્વારા મહિલા પ્રકલ્પની ત્રણ પરિયોજના 1. પરિવાર બને પાઠશાલા, 2. ગુરુકુલ પરિયોજના અને 3. ગુરુમાતા પરિયોજનાનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો હતો.

આમ, ભારતીય શિક્ષણ મંડળ મહિલા પ્રકલ્પની વિવિધ પ્રવૃત્તિ વિશે ચર્ચા- વિચારણા કરી હતી. મંડળ સાથે જોડાયેલ બધા જ કાર્યકર્તાઓએ પોતાના વિસ્તારમાં સક્રિય રીતે કાર્યરત છે તેની વાત કરવામાં આવી.

આ બેઠકની આભારવિધિ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રીના વૈષ્ણવ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થનાર સૌ કોઈનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.








EMERGENCY
EXIT
















